# શાળાની મુખ્ય પ્રવૃત્તિઓ

## શાળાના ધો. ૧૦ અને ૧૨ વિ.પ્ર. અને સા.પ્ર. કોમર્સ વિભાગના ગુ.મા. અને અં.મા. ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારંભ, નારાયણ ધ્વનિ અંક-૩૭ (ગુ.મા.), અંક-૮/૩૮ (અં.મા.) ની વિમોચન વિધિ

**તા. ૧૮/૨/૨૫ :** ધો. ૧૦ અને ૧૨ વિ.પ્ર. અને સા.પ્ર. કોમર્સ વિભાગના ગુ.મા. અને અં.મા.ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારંભ, નારાયણ ધ્વનિ અંક -૩૭ (ગુ.મા) અંક -૮/૩૮ (અં.મા) ની વિમોચન વિધિ તથા આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય, રાજ્ય કક્ષાએ ભાગ લીધેલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સન્માન સમારોહનું આયોજન પ.પૂ. નારાયણ બાપુના આશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે **મા.શ્રી ડૉ. કુશલ આર. ઓઝા** (Dy. S.P., Ankleshwar) **મા.શ્રી પ્રદીપકુમાર બુબના** (M.D. ટ્રેન્ડ બુક લિ. New Delhi) તથા **મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ** (ચેરમેનશ્રી, નારાયણ વિદ્યાલય,ભરૂચ) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાની વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓ તથા સિદ્ધિઓની ઝાંખી કરાવતા નારાયણ ધ્વનિ અંક-૩૭ (ગુ.મા), ૮/૩૮ (અં.મા.) નું ઉપસ્થિત મહેમાનશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય, રાજ્ય કક્ષાએ કલાભારતી, કલામહાકુંભ તેમજ સ્પોર્ટ્સમાં ઉચ્ચ સિદ્ધિ મેળવવા અને ભાગ લેનાર શાળાના ૩૪ વિદ્યાર્થીઓ તેમજ ૩ શિક્ષકોને શિલ્ડ તથા પ્રમાણ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમનું સંચાલન ડાયરેક્ટરશ્રી ભગુભાઇ આઇ. પ્રજાપતિ, આચાર્યા શ્રીમતી બિનીતાબેન ગોહિલ, આચાર્યા શ્રીમતી વિદ્યાબેન રાણા, આચાર્યશ્રી જીજ્ઞેશભાઇ જોષી, આચાર્યા શ્રીમતી ઉર્વશીબેન જાની ના માર્ગદર્શન હેઠળ ચીમનભાઇ પરમાર અને પૂર્વાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું.







**તા. ૨૯/૭/૨૫ : શાળાના ધો. ૫ થી ૧૨ ગુ.મા. અને અં.મા. ના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ**

શાળાનાં ધો. ૫ થી ૧૨ (ગુ.મા. અને અં.મા.) ના વાર્ષિક પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓ તથા S.S.C., H.S.C. બોર્ડ પરીક્ષામાં જ્વલંત સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો. **આ કાર્યક્રમમાં ગુજરાત રાજય સરકારના શિક્ષણ વિભાગના ઉપસચિવ તથા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની સુજ્ઞશ્રી કિન્નરીબેન આર. શાહ, નારાયણ આરોગ્ય ધામ** તથા **અન્નપૂર્ણા ટ્રસ્ટ તાજપુરાના મુખ્ય ટ્રસ્ટીશ્રી રાજેશભાઇ રાજગોર, ભરૂચ જિલ્લા શિક્ષણના સમાહર્તા શ્રીમતી સ્વાતિબા રાઓલ, શાળાના પ્રમુખશ્રી જયંતિભાઇ ડી. પંચાલ તથા ચેરમેનશ્રી હેમંતભાઇ આર. પ્રજાપતિ** ઉપસ્થિત રહ્યા હતાં. મહેમાનશ્રીઓનાં હસ્તે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શિલ્ડ તથા પ્રમાણપત્ર અર્પી સન્માનિત કરાયાં હતાં. H.S.C. સા.પ્ર.નું ૧૦૦% પરિણામ આપવા બદલ શિક્ષકોનાં ઉત્સાહને વધાર્યો હતો. S.S.C. બોર્ડ ગુ.મા. માં ૧૪ વિદ્યાર્થીઓ A1 માં આવ્યાં હતાં. જયારે H.S.C. બોર્ડ સાયન્સ ગુ.મા. માં ૨ વિદ્યાર્થીઓ A1 પ્રાપ્ત કર્યો હતો. તેઓએ ધો: ૫ થી ૧૨ના ઉજ્જવળ પરિણામ ધરાવનાર વિદ્યાર્થીઓ પણ શિલ્ડ તથા પ્રમાણપત્રથી સન્માનિત કર્યા હતાં.

**સુજ્ઞશ્રી કિન્નરીબેન શાહે** સરકારની વિવિધ વિદ્યાર્થીલક્ષી યોજનાઓ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતાં કહયું કે, જો આપ સૌ વિદ્યાર્થી Skillful બનશો તો આપને સરકારશ્રી પણ ખૂબ મદદરૂપ થશે. જરૂર છે માત્ર તમારે કઠોર પરિશ્રમ કરી સારું પરિણામ મેળવવાની. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની કિન્નરીબેન આર.શાહે પોતાની જીવનયાત્રામાં કરેલા સંઘર્ષો વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરતાં જણાવ્યું કે ભવિષ્યમાં જીવનપથ પર આવતા સંકટો સાથે મિત્રતા કેળવવા હાલમાં વાંચવું અને વિચારવું અને પુરૂષાર્થ કરવો આવશ્યક છે, જે તમને વધુને વધુ નિખારે છે અને જીવનને ઉન્નત બનાવે છે.

**શિક્ષણના જિલ્લા સમાહર્તા શ્રીમતિ સ્વાતિબા** એ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, નારાયણ વિદ્યાલય વિદ્યાર્થીહિતમાં કામ કરતી સંસ્થા છે, જેમાં વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતર સાથે જીવનના મૂલ્યોનું ઘડતર પણ કરવામાં આવે છે. શ્રી રાજેશભાઇ રાજગોરે બાપુના આશિર્વાદથી ચાલતી નારાયણ વિદ્યાલયમાં તમામ વિદ્યાર્થીઓ વધુને વધુ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

**મા. શ્રી રાજેશભાઈ રાજગોર (નારાયણ આરોગ્ય ધામ** તથા **અન્નપૂર્ણા ટ્રસ્ટ તાજપુરાના મુખ્ય ટ્રસ્ટી)** સાહેબે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે જીવનમાં સંસ્કાર અને આધ્યાત્મિકતા ખૂબ જરૂરી છે. તે જીવનનો પાયો છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના ડાયરેક્ટરશ્રી ભગુભાઇ આઇ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ તમામ વિભાગનાં આચાર્યશ્રીઓના સાથ સહકારથી કરવામાં આવ્યું હતું.